Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# આર્થિક સુધારા પછીના વર્ષોમાં ગુજરાત રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનમાં ક્ષેત્રવાર આવેલ પરિવર્તનો

તપન જે. ભટ્ટ

પીએચડી સ્કોલર અર્થશાસ્ત્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી **ઈ-મેઈલ:-** tapanbhatt21@yahoo.com

**સારાંશ**

પ્રસ્તુત લેખ આર્થિક સુધારા પછી ગુજરાત રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનમાં આવેલ પરિવર્તનો તથા રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્ર, દ્વિતિય ક્ષેત્ર અને સેવા ક્ષેત્રના હિસ્સામાં કેવા અને કેટલા પ્રમાણમાં પરિવર્તનો આવ્યા છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સુધારા પછીના વર્ષો ૧૯૯૩-૯૪ થી ૨૦૧૫-૧૬ સુધીના વર્ષ દરમ્યાન રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન કેટલું રહ્યું તથા તે વર્ષો દરમ્યાન રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનમાં ક્ષેત્રવાર ચિત્ર કેવું રહ્યું તે દર્શાવવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:-** ઘરગથ્થુ ઉત્પાદન, પ્રાથમિક ક્ષેત્ર, દ્વિતીય ક્ષેત્ર, સેવા ક્ષેત્ર

કોઈપણ દેશના અર્થતંત્રના મુખ્યત્વે ત્રણ ક્ષેત્રો પ્રાથમિક ક્ષેત્ર, દ્વિતિય ક્ષેત્ર અને સેવા ક્ષેત્રને પાયાના ગણવામાં આવે છે. ભારતમાં આઝાદી બાદથી એવું અનુભવવામાં આવે છે કે રાષ્ટ્રીય આવકમાં ખેતી ક્ષેત્રનો હિસ્સો ઘટતો જણાય છે. મેન્યુફેક્ચરીંગની વાત કરીએ તો છેલ્લા થોડા વર્ષોમાં તેનો હિસ્સો પણ ઘટતો જોવ મળે છે. ગુજરાત રાજ્યમાં જોઈએ તો પ્રાથમિક અને દ્વિતિય ક્ષેત્રે અન્ય રાજ્યોની સરખામણીએ સારો દેખાવ કર્યો છે. ગુજરાત રાજ્યને આર્થિક સુધારા પહેલાથી જ વેપારમાં આગળ પડતું રાજ્ય ગણવામાં આવે છે.

રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનને સામાન્ય રીતે રાજ્યની આવક તરીકે ઓળખવામાં

આવે છે તે રાજ્યની ભૌગોલિક હદમાં ચોક્કસ સમયગાળા માટે ઉત્પાદિત ચીજવસ્તુઓ અને સેવાઓનું નાણાકીય સ્વરૂપે માપ દર્શાવે છે. અર્થતંત્રની વૃદ્ધિને માપવા અને તેમાં થતા માળખાકીય પરિવર્તનનો અભ્યાસ કરવા વપરાતો આ અગત્યનો નિર્દેશક છે.

ગુજરાત રાજ્યમાં આર્થિક સુધારા પછી રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનમાં કેવા પરિવર્તનો આવ્યા અને સાથે સાથે રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનમાં ક્ષેત્રવાર ફાળો કેટલો રહ્યો તથા રાજ્યની આવકમાં ક્ષેત્રીય રૂપાંતરો કેટલા પ્રમાણમાં થયા તે જાણવાનો પ્રયત્ન અહી કરવામાં આવ્યો છે.


**Table-1 ઔદ્યોગિક જૂથ મુજબ ચાલુ ભાવે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં ક્ષેત્રવાર ફાળો**

| | પ્રાથમિક ક્ષેત્ર | દ્વિતીય ક્ષેત્ર | સેવા ક્ષેત્ર |
|---|---|---|---|
| 1993-94 | 12525 | 17595 | 19074 |
| 1994-95 | 18237 | 22757 | 22630 |
| 1995-96 | 16418 | 28994 | 26770 |
| 1996-97 | 22593 | 33919 | 29902 |
| 1997-98 | 21709 | 36943 | 34314 |
| 1998-99 | 24931 | 40857 | 39655 |
| 1999-00 | 20456 | 43079 | 46326 |
| 2000-01 | 19098 | 41123 | 48263 |
| 2001-02 | 23196 | 44886 | 53444 |
| 2002-03 | 25695 | 53420 | 62419 |
| 2003-04 | 34958 | 63101 | 70021 |
| 2004-05 | 34742 | 73300 | 81076 |
| 2005-06 | 50431 | 90907 | 103398 |
| 2006-07 | 58413 | 105692 | 119588 |
| 2007-08 | 66770 | 122837 | 139678 |
| 2008-09 | 68506 | 137575 | 161831 |
| 2009-10 | 77232 | 170522 | 183508 |
| 2010-11 | 114244 | 184770 | 222505 |
| 2011-12 | 125870 | 223417 | 202633 |
| 2012-13 | 122328 | 280748 | 242079 |
| 2013-14 (P) | 150664 | 302408 | 268011 |
| 2014-15 (P) | 158872 | 330235 | 302204 |
| 2015-16 (Q) | 165098 | 364213 | 334455 |

*(P) કામચલાઉ, (Q) ઝડપી અંદાજો*

*પ્રાપ્તિસ્થાન:- સામાજિક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય, ૨૦૦૦-૦૧, ૨૦૦૫-૦૬, ૨૦૦૮-૦૯, ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૬-૧૭.*

વર્ષ ૧૯૯૩-૯૪ માં રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્ર ૧૨૫૨૫ કરોડ રૂપિયા, દ્વિતીય ક્ષેત્ર ૧૭૫૯૫ કરોડ રૂપિયા અને સેવા ક્ષેત્ર ૧૯૦૭૪ કરોડ રૂપિયા હિસ્સો હતો. વર્ષ ૧૯૯૫-૯૬ માં રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્ર ૧૬૪૧૮ કરોડ રૂપિયા, દ્વિતીય ક્ષેત્ર ૨૮૯૯૪ કરોડ રૂપિયા અને સેવા ક્ષેત્ર ૨૬૭૭૦ કરોડ રૂપિયા હિસ્સો હતો. વર્ષ ૨૦૦૧-૦૨ માં રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્ર ૨૩૧૯૬ કરોડ રૂપિયા, દ્વિતીય ક્ષેત્ર ૪૪૮૮૬ કરોડ રૂપિયા અને સેવા ક્ષેત્ર ૫૩૪૪૪ કરોડ રૂપિયા હિસ્સો હતો. વર્ષ ૨૦૦૫-૦૬ માં રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્ર ૫૦૪૩૧ કરોડ રૂપિયા, દ્વિતીય ક્ષેત્ર ૯૦૯૦૭ કરોડ રૂપિયા અને સેવા ક્ષેત્ર ૧૦૩૩૯૮ કરોડ રૂપિયા હિસ્સો હતો.



વર્ષ ૨૦૧૦-૧૧ માં રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્ર ૧૧૪૨૪૪ કરોડ રૂપિયા, દ્વિતીય ક્ષેત્ર ૧૮૪૭૭૦ કરોડ રૂપિયા અને સેવા ક્ષેત્ર ૨૨૨૫૦૫ કરોડ રૂપિયા હિસ્સો હતો. વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં પ્રાથમિક ક્ષેત્ર ૧૬૫૦૯૮ કરોડ રૂપિયા, દ્વિતીય ક્ષેત્ર ૩૬૪૨૧૩ કરોડ રૂપિયા અને સેવા ક્ષેત્ર ૩૩૪૪૫૫ કરોડ રૂપિયા હિસ્સો હતો.


**Table-2 ચાલુ ભાવે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન**

| | રાજ્યનું કુલ એકંદર ઘરગથ્થુ ઉત્પાદન | આગળના વર્ષમાં ફેરફાર | આગળના વર્ષમાં ટકાવારી ફેરફાર |
|---|---|---|---|
| 1993-94 | 49194 | - | - |
| 1994-95 | 63624 | 14430 | 29.33285 |
| 1995-96 | 72182 | 8558 | 13.4509 |
| 1996-97 | 86414 | 14232 | 19.71683 |
| 1997-98 | 92966 | 6552 | 7.582105 |
| 1998-99 | 105443 | 12477 | 13.42104 |
| 1999-00 | 109861 | 4418 | 4.189941 |
| 2000-01 | 108484 | -1377 | -1.253402 |
| 2001-02 | 121525 | 13041 | 12.02113 |
| 2002-03 | 141534 | 20009 | 16.46492 |
| 2003-04 | 168080 | 26546 | 18.75592 |
| 2004-05 | 189118 | 21038 | 12.51666 |
| 2005-06 | 244736 | 55618 | 29.40915 |
| 2006-07 | 283693 | 38957 | 15.91797 |
| 2007-08 | 329285 | 45592 | 16.07089 |
| 2008-09 | 367912 | 38627 | 11.73057 |
| 2009-10 | 431262 | 63350 | 17.21879 |
| 2010-11 | 521519 | 90257 | 20.92858 |
| 2011-12 | 551921 | 30402 | 5.82951 |
| 2012-13 | 645155 | 93234 | 16.89263 |
| 2013-14 (P) | 721083 | 75928 | 11.76895 |
| 2014-15 (P) | 791311 | 70228 | 9.739239 |
| 2015-16 (Q) | 863766 | 72455 | 9.156324 |

*(P) કામચલાઉ, (Q) ઝડપી અંદાજો*

*પ્રાપ્તિસ્થાન:- સામાજિક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય, ૨૦૦૦-૦૧, ૨૦૦૫-૦૬, ૨૦૦૮-૦૯, ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૬-૧૭.*

વર્ષ ૧૯૯૩-૯૪ માં રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ૪૯૧૯૪ કરોડ રૂપિયા હતું. જે વર્ષ ૧૯૯૫-૯૬ માં રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ૭૨૧૮૨ કરોડ રૂપિયા થયું. વર્ષ ૨૦૦૧-૦૨ માં રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ૧૨૧૫૨૫ કરોડ રૂપિયા હતું. જે વર્ષ ૨૦૦૫-૦૬ માં રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ૨૪૪૭૩૬ કરોડ રૂપિયા થયું.




વર્ષ ૨૦૧૦-૧૧ માં રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ૫૨૧૫૧૯ કરોડ રૂપિયા હતું. જે વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ૮૬૩૭૬૬ કરોડ રૂપિયા થયું.

રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં આગળના વર્ષની સરખામણીએ તફાવત સૌથી વધુ વર્ષ ૨૦૧૨-૧૩ માં ૯૩૨૩૪ કરોડ રૂપિયાનો જોવા મળ્યો અને સૌથી ઓછો વર્ષ ૨૦૦૦-૦૧ માં -૧૩૭૭ કરોડ રૂપિયા જોવા મળ્યો.

**Table-3 ઔદ્યોગિક જૂથ મુજબ ચાલુ ભાવે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન-ત્રિવાર્ષિક ચલિત સરેરાશ**

| | પ્રાથમિક ક્ષેત્ર | દ્વિતીય ક્ષેત્ર | સેવા ક્ષેત્ર | રાજ્યનું કુલ એકંદર ઘરગથ્થુ ઉત્પાદન |
|---|---|---|---|---|
| 1993-94 to 1995-96 | 15726.67 | 23115.33 | 22824.67 | 61666.67 |
| 1994-95 to 1996-97 | 19082.67 | 28556.67 | 26434.00 | 74073.33 |
| 1995-96 to 1997-98 | 20240.00 | 33285.33 | 30328.67 | 83854.00 |
| 1996-97 to 1998-99 | 23077.67 | 37239.67 | 34623.67 | 94941.00 |
| 1997-98 to 1999-00 | 22365.33 | 40293.00 | 40098.33 | 102756.67 |
| 1998-99 to 2000-01 | 21495.00 | 41686.33 | 44748.00 | 107929.33 |
| 1999-00 to 2001-02 | 20916.67 | 43029.33 | 49344.33 | 113290.00 |
| 2000-01 to 2002-03 | 22663.00 | 46476.33 | 54708.67 | 123847.67 |
| 2001-02 to 2003-04 | 27949.67 | 53802.33 | 61961.33 | 143713.00 |
| 2002-03 to 2004-05 | 31798.33 | 63273.67 | 71172.00 | 166244.00 |
| 2003-04 to 2005-06 | 40043.67 | 75769.33 | 84831.67 | 200644.67 |
| 2004-05 to 2006-07 | 47862.00 | 89966.33 | 101354.00 | 239182.33 |
| 2005-06 to 2007-08 | 58538.00 | 106478.67 | 120888.00 | 285904.67 |
| 2006-07 to 2008-09 | 64563.00 | 122034.67 | 140365.67 | 326963.33 |
| 2007-08 to 2009-10 | 70836.00 | 143644.67 | 161672.33 | 376153.00 |
| 2008-09 to 2010-11 | 86660.67 | 164289.00 | 189281.33 | 440231.00 |
| 2009-10 to 2011-12 | 105782.00 | 192903.00 | 202882.00 | 501567.33 |
| 2010-11 to 2010-13 | 120814.00 | 229645.00 | 222405.67 | 572865.00 |
| 2011-12 to 2013-14 | 132954.00 | 268857.67 | 237574.33 | 639386.33 |
| 2012-13 to 2014-15 | 143954.67 | 304463.67 | 270764.67 | 719183.00 |
| 2013-14 to 2015-16 | 158211.33 | 332285.33 | 301556.67 | 792053.33 |

પ્રાથમિક ક્ષેત્રની ત્રિવાર્ષિક ચલિત સરેરાશ સૌથી વધુ વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ માં ૧૫૮૨૧૧.33 જોવા મળી, જયારે સૌથી ઓછી વર્ષ ૧૯૯૩-૯૪ થી ૧૯૯૫-૯૬ માં ૧૫૭૨૬.૬૭ જોવા મળી.

દ્વિતીય ક્ષેત્રની ત્રિવાર્ષિક ચલિત સરેરાશ સૌથી વધુ વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ માં 33૨૨૮૫.33 જોવા મળી, જયારે સૌથી ઓછી વર્ષ ૧૯૯૩-૯૪ થી ૧૯૯૫-૯૬ માં ૨3૧૧૫.33 જોવા મળી.

સેવા ક્ષેત્રની ત્રિવાર્ષિક ચલિત સરેરાશ સૌથી વધુ વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ માં 3૦૧૫૫૬.૬૭ જોવા મળી, જયારે સૌથી ઓછી વર્ષ ૧૯૯૩-૯૪ થી ૧૯૯૫-૯૬ માં ૨૨૮૨૪.૬૭ જોવા મળી.

રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનની ત્રિવાર્ષિક ચલિત સરેરાશ સૌથી વધુ વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૫-૧૬ માં ૭૯૨૦૫૩.૩૩ જોવા મળી, જયારે સૌથી ઓછી વર્ષ ૧૯૯૩-૯૪ થી ૧૯૯૫-૯૬ માં ૬૧૬૬૬.૬૭ જોવા મળી.

## Bibliography

Hirway Indira, S. A. (2014). *Growth or Development: Which Way is Gujarat Going.* New Delhi: Oxford University Press.

Oza, I. S. *Gujarat ek Sarvaiyu.* Ahmadabad: Navbharat Prakashanmandir.

Statistics, D. o. (2000-01 to 2016-17). *Socio Economic review, Gujarat state.* Gandhinagar: Government of Gujarat.

હાથી, ત. (૨૦૦૫). *ગુજરાતનું અર્થકારણ.* રાજકોટ, ગુજરાત: અંબાણી બુક ડિસ્ટ્રીબ્યુટર્સ.